# રાજ્યમાં નવા ૪૯૫ કેસ, તંત્રની ચિંતામાં વધારો

## અમદાવાદમાં કોરોનાના નવા ૩૨૭ કેસ : ૨૪ કલાકમાં ૩૧ના મોત થતાં મૃત્યુઆંક વધીને ૧૪૧૬ થયો : અત્યાર સુધીમાં કુલ ૧૫૫૦૧ દર્દીઓ સાજા થયા

ગાંધીનગર, તા.૧૨ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવના ૪૯૫ નવા કેસ આવતા કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૨૨૫૬ પહોંચ્યો હતો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૧ લોકોના મૃત્યુ થતાં કુલ મૃત્યુઆંક ૧૪૧૬ થયો છે. રાજ્યમાં આજે ૩૯૨ દર્દીઓ ડિસ્ચાર્જ થતા અત્યાર સુધીમાં કુલ ૧૫૫૦૧ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં આજે વેન્ટીલેટર પર ૬૮ દર્દીઓ છે. અનલોક બાદ અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં કોરોના સંક્રમિતની સંખ્યા વધતી જાય છે તે આરોગ્ય વિભાગ ચિંતાનો વિષય બનેલો છે. રાજ્યમાં આજે ૪૯૫ નવા દર્દીઓ નોંધાતા કુલ આંકડો ૨૨૫૬૨ થયો છે. જ્યારે વધુ ૩૧ લોકોના મૃત્યુ થતાં મૃત્યુનો આંકડો ૧૪૦૦ને પાર કરી ૧૪૧૬ થયો છે. જેમાં અમદાવાદમાં ૨૨, સુરતમાં ૩, ગાંધીનગરમાં ૨, અરવલ્લી, પાટણ, ભરૂચ અને અન્ય રાજ્યના ૧-૧ વ્યક્તિઓના મોત નિપજ્યા છે. અમદાવાદમાં કોવિડ-૧૯ના આંકડો સોળ હજારની નજીક પહોંચ્યો છે. નવા ૩૨૭ કેસ સાથે કુલ આંકડો ૧૫૯૬૨ થયો છે. ૨૨ નવા મોત સાથે મોતનો કુલ આંકડો અમદાવાદમાં ૧૧૩૯ પહોંચ્યો છે. હાલમાં એક્ટિવ કેસ ૩૮૦૦ છે અને ૧૧ હજાર દર્દી સાજા થઈને ઘરે ગયા છે. જ્યારે સુરતમાં વધુ ૭૭ દર્દી કોરોના પોઝિટિવ નોંધાતા કુલ દર્દીઓ ૨૪૪૪ અને વધુ ૩ મોત થતા કુલ મૃત્યુઆંક ૮૯ થયો છે. જ્યારે વડોદરામાં આજે વધુ ૩૭ દર્દીઓ નોંધાતા કુલ દર્દીઓનો આંક ૧૪૦૧ થયો છે. આ સિવાય આજે અમદાવાદમાં ૩૨૭, મહેસાણામાં ૭, ગાંધીનગર, રાજકોટ, અને ભરૂચમાં ૫-૫, કચ્છ બોટાદ, સુરેન્દ્રનગર, નવસારીમાં ૪-૪, પંચમહાલમાં ૩, ભાવનગર, સાબરકાંઠા, પાટણ, જામનગર અને અમરેલીમાં ૨ અને બનાસકાંઠા, અરવલ્લી અને નર્મદામાં ૧-૧ સાથે કુલ ૪૯૫ નવા કેસ નોંધાયા હતા.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૫૯૬૨ | ૧૧૩૯ | ૧૧૧૧૮ |
| સુરત | ૨૪૪૪ | ૯૯ | ૧૬૩૯ |
| વડોદરા | ૧૪૭૧ | ૪૩ | ૯૩૨ |
| રાજકોટ | ૧૪૫ | ૦૫ | ૮૧ |
| ગાંધીનગર | ૪૫૦ | ૨૧ | ૨૫૦ |
| ભાવનગર | ૧૫૯ | ૧૨ | ૧૧૫ |
| કચ્છ | ૯૯ | ૦૫ | ૬૮ |
| મહેસાણા | ૧૭૭ | ૦૮ | ૧૦૭ |
| ગીર-સોમનાથ | ૪૯ | ૦૦ | ૪૫ |
| પોરબંદર | ૧૪ | ૦૨ | ૦૯ |
| પંચમહાલ | ૧૧૩ | ૧૩ | ૮૬ |
| પાટણ | ૧૦૯ | ૦૯ | ૭૪ |
| છોટાઉદેપુર | ૩૯ | ૦૦ | ૩૩ |
| જામનગર | ૭૩ | ૦૩ | ૪૫ |
| મોરબી | ૦૬ | ૦૧ | ૦૪ |
| સાબરકાંઠા | ૧૩૫ | ૦૫ | ૯૨ |
| આણંદ | ૧૨૪ | ૧૨ | ૧૦૧ |
| દાહોદ | ૪૮ | ૦૦ | ૩૪ |
| ભરૂચ | ૭૪ | ૦૫ | ૩૭ |
| બનાસકાંઠા | ૧૪૮ | ૦૮ | ૧૧૫ |
| ખેડા | ૧૦૨ | ૦૫ | ૬૯ |
| બોટાદ | ૬૪ | ૦૨ | ૫૫ |
| નર્મદા | ૨૫ | ૦૦ | ૧૯ |
| અરવલ્લી | ૧૩૩ | ૧૨ | ૧૧૮ |
| મહીસાગર | ૧૧૬ | ૦૨ | ૧૦૭ |
| નવસારી | ૩૯ | ૦૧ | ૨૪ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| વલસાડ | ૫૭ | ૦૩ | ૨૯ |
| જૂનાગઢ | ૪૨ | ૦૧ | ૨૯ |
| સુરેન્દ્રનગર | ૬૫ | ૦૩ | ૩૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૫ | ૦૦ | ૧૨ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૨૧ | ૦૨ | ૦૯ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૨૨૫૬૨** | **૧૪૧૬** | **૧૫૫૦૧** |

## લોકડાઉનમાં ડાયાલીસીસના દર્દીઓ માટે સિવિલનો ડાયાલીસીસ વિભાગ આશિર્વાદરૂપ બન્યો...

સાબરકાંઠા જિલ્લાની જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ હિંમતનગર ખાતે ૧૮ માર્ચ ૨૦૦૩ થી ડાયાલીસીસ વિભાગ કાર્યરત છે. આ વિભાગ ૩૦૦૦ જેટલા દર્દીઓ માટે આશિર્વાદ બન્યો છે. આ વિભાગમાં ૩૦૦૦ જેટલા દર્દીઓને ૪૩,૧૨૧ વખત ડાયાલીસીસ વિના મૂલ્ય કરાવી સરકારી સેવાનો લાભ લીધો છે.



૨૦૧૭ પી.પી.પી.(પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ)ના ધોરણે ચાલતા સિમ બાયોસિસ હેલ્થકેર ધ્વારા ડાયાલીસીસ કાર્યરત છે. લોકડાઉનના સમયમાં ૯૮ જેટલા દર્દીઓના ૨,૨૩૩ વખત ડાયાલીસીસ કરવામાં આવ્યા હતા. આ વિભાગ શરૂઆતથી જ (ફ્રી ઓફ કોસ્ટ) યુજ એન્ડ થ્રો ડાયાલીસીસ કીટનો જ ઉપયોગ કરે છે જેથી દર્દીને અન્ય કોઈ ચેપ ના લાગે.

૧૪ વર્ષના રણજીતસિંહ રાઠોડના માતા જણાવે છે કે તેઓ કોરોના મહામારી પહેલા પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે ડાયાલીસીસ કરાવતા હતા પરંતુ રણજીતસિંહને કોવિડ-૧૯નો રિપોર્ટ કરવામાં આવ્યો હતો. જેથી રણજીતસિંહને ડાયાલીસીઅ માટે જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલના ડાયાલીસીસ સેન્ટરમાં આઈશોલેશન વોર્ડમાં કોવિડ-૧૯ની માર્ગદર્શિકા મુજબ સારવાર કરાઈ હતી. આ સારવાર તદન વિનામૂલ્ય કરવામાં આવી હતી. વધુમાં તેઓ જણાવે છે કે અહિંના ડોકટરો અને સ્ટાફ પણ ખુબ જ માનવતાવાદી અને માયાળુ છે. જ્યારે બહાર પ્રાઈવેટ હોસ્પિટલમાં રૂપિયા ખર્ચ કરતા પણ આટલી સારી સુવિધા મળવી મુશ્કેલ છે.

વધુ એક દર્દી હિંમતનગરના ગઢા ગામના સઈદાબેન બાવન જણાવે છે કે તેઓ ૨૦૧૩થી હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે ડાયાલીસીસ કરાવે છે અને અત્યાર સુધીમાં તેમણે ૧૨૫૦ વખત અહિ ડાયાલીસીસ કરાવ્યું છે. તેઓ અગાઉ મહેસાણા ખાતે પ્રાઈવેટ હોસ્પિટલમાં ડાયાલીસીસ કરાવે છે. છેલ્લા સાત વર્ષથી અહિં સેવા લઈ રહ્યા હોવાથી તેમના માટે આ વિભાગનો સ્ટાફ પરીવાર જેવો બની ગયો છે. આ સાથે તેઓ જણાવે છે કે તેઓ મા કાર્ડ ધારક છે, અહિં તેમની સારવાર તદ્દન મફત અને સુવિધા પ્રાઈવેટ હોસ્પિટલને પણ ટક્કર મારે તેવી છે. વધુમાં સઈદાબેન સરકારનો તેમજ સિવિલ હોસ્પિટલ સ્ટાફનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

કોરોનાના કપરા કાળમાં આ ડાયાલીસીસ વિભાગે ખુબ જ સરાહનીય કામગીરી કરી છે. જેમાં મોડાસા ઘાંચી આરોગ્ય મંડળ ખાતે કુલ ૧૩ જેટલા દર્દી ઓ ડાયાલીસીસ કરાવતા હતા. ત્યાં સ્ટાફને કોવિડ-૧૯ પોઝીટીવ આવતા ત્યાનું ડાયાલીસીસ સેન્ટર બંધ કરી તમામ ૧૩ દર્દીઓને જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલના ડાયાલીસીસ સેન્ટરમાં સારવાર આપવામાં આવી હતી. કોવિડ-૧૯ની માર્ગદર્શિકા મુજબ એક અલગથી આઈશોલેશન વોર્ડમાં ડાયાલીસીસની સુવિધા કરવામાં આવી જેમાં ૩૦ જેટલા ડાયાલીસીસ કરવામાં આવ્યા. તેમજ લોકડાઉન સમયમાં ૨૨૩૩ જેટલા ડાયાલીસીસ કરવામાં આવ્યા છે. માર્ચ મહિનાથી લઈને કોવિડ-૧૯ના દર્દીઓ માટે અલગથી ૩ મશીન ફાળવીને આઈશોલેશન વોર્ડમાં ડાયાલીસીસ કરવામાં આવે છે.



રાજ્યમાં દિન પ્રતિદિન કોરોનાની સ્થિતિ ખરાબ થતી જાય છે. આરોગ્યતંત્ર દ્વારા અનેક પગલાંઓ લેવાતા હોવાનો દાવો કરવામાં આવે છે પરંતુ આ મહામારીને રોકી શકાઈ નથી તે હકીકત છે. કોરોનાની કામગીરી અંગે કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે મહામહીમ રાજ્યપાલને આવેદનપત્ર સુરપરત કર્યુ છે, અને મહામારીને રોકવા અસરકારક પગલાં લેવાનુ સૂચન કર્યુ છે.

## વામોજ દૂધ મંડળી ખાતે બી.એમ.સી.યુ. તથા દૂધ મંડળીના મકાનનો ઉદઘાટન સમારોહ યોજાયો

હિંમતનગર, તા. ૧૨ હિંમતનગર તાલુકાના વામોજ ગામે ખાતે આવેલ દૂધ મંડળીમાં સ્થાપિત બલ્ક મીલ્ક કુલર સાથે દૂધ મંડળીના મકાનનું લોકાર્પણ ગુરૂવારે સાબરડેરીના ચેરમેન, ડીરેકટરો અને અધિકારીઓની ઉપસ્થિતિમાં થયુ હતું.

ગ્રાહકલક્ષી બજાર વ્યવસ્થામાં ગ્રાહકોને દૂધ અને દૂધની બનાવટો વૈશ્વિક ગુણવત્તા માપદંડ મુજબ ઉપલબ્ધ થાય તે હેતુથી ગ્રામ્યકક્ષાએ દૂધ મંડળીઓ સ્થળે સ્વચ્છ અને ગુણવત્તાયુકત દૂધ સંપાદન વ્યવસ્થાના ભાગરૂપે દૂધ મંડળીઓ ખાતે બલ્ક મીલ્ક કુલરની સ્થાપના કરવામાં આવી રહી છે. તે દિશામાં ગુરૂવારે હિંમતનગર તાલુકાની વામોજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે સ્થાપિત બી.એમ.સી.યુ. અને નવિન દૂધ મંડળીના મકાનનું લોકાર્પણ સાબરડેરીના ચેરમેન શામળભાઈ બી. પટેલના વરદ હસ્તે તથા સાબરડેરીના ડીરેકટર ડૉ. વિપુલભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરાયુ હતું. કોરોના સંક્રમણને ધ્યાને રાખી સોશ્યલ ડીસ્ટન્સીંગને જાળવી અધ્યક્ષ સ્થાનેથી સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલે જણાવ્યુ હતું કે ચાલુ સાલે સભાસદોની અપેક્ષા મુજબ સાબરડેરી દ્વારા ભાવફેર આપવામાં આવેલ છે. તેજ રીતે દૂધ ઉત્પાદકોને ભવિષ્યમાં પણ દૂધના પોષણક્ષમ ભાવ આપવા સતત પ્રયત્નશીલ રહીશું.

### અછત સર્જાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહારાષ્ટ્રમાં આઈસીયૂ બેડની અછત ૮ ઓગસ્ટથી શરૂ થઈ શકે છે. રાજ્યમાં ૨૭ જુલાઈએ વેન્ટીલેટર્સની સંખ્યામાં અછત આવી શકે છે. તમિલનાડુમાં આઈસીયૂ બેડ ૯ જુલાઈના બાદ ઓછા પડી શકે છે. તો ઓક્સીજનની ખામી ૨૧ જુલાઈથી શરૂ થઈ શકે છે. આ જ ટ્રેન્ડ ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં પણ જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં કોરોના રોગીની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસમાં રોજના ૧૦ હજાર કેસ આવી રહ્યા છે. કોરોનાથી પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્ર છે અને દિલ્હીમામં પણ રોગીની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે.

### વધારો નોંધાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેસ્ટ કરવામાં આવ્યો, તેમાંથી કેટલા કેસ પોઝીટીવ નીકળ્યા. ૫ રાજ્યોમાં હવે ટીપીઆર પહેલાંથી વધી ચૂક્યો છે. તેની સામે તામિલનાડુને બાદ કરતા અન્ય ૪ રાજ્યોમાં ટેસ્ટીંગમાં ઘટાડો નોંધાયો છે. અત્યાર સુધી રાજધાની દિલ્હીનો ટીપીઆર દેશભરમાં સૌથી વધારે છે. ત્યાં સુધી કે મહામારીથી સૌથી વધુ પ્રભાવિત મહારાષ્ટ્રથી પણ વધારે. દિલ્હીમાં દર ૪ ક્લિનિક્લ ટેસ્ટમાંથી એક કેસ પોઝીટીવ નોંધાઈ રહ્યો છે. જ્યારે મહારાષ્ટ્રમાં દર ૫ ટેસ્ટમાંથી એક પોઝીટીવ સામે આવી રહ્યો છે. રાજ્ય સરકારની આંકડાકિય માહિતીનું વિશ્લેષણ કરતા જાણવા મળ્યું કે દિલ્હીમાં ૯મી જૂને ટીપીઆર ૨૫ ટકા થઈ ગયો, આ આંક એક સપ્તાહ પૂર્વે ૧૫ ટકા હતો. પરંતુ દિલ્હીમાં ટેસ્ટીંગના ૭ દિવસની રોલિંગ એવરેજના આંકડામાં ઘટાડો નોંધાયો છે. તા.૩જી જૂને આ સંખ્યા ૬,૫૪૩ની હતી, જે ૯મી જૂને ૫,૩૫૩ થઈ ગઈ હતી. આ સમયગાળામાં જ દિલ્હીમાં કુલ કેસની સંખ્યા ૨૨,૧૩૨થી વધીને ૨૯,૯૪૩ સુધી પહોંચી ગઈ. જે ૪૧ ટકાનો ઉછાળો છે. મહારાષ્ટ્રના ટીપીઆરમાં છેલ્લાં એક સપ્તાહમાં માત્ર એક અંકની વૃધ્ધિ થઈ છે. અહીંયા ૧૯ ટકાથી વધીને ૨૦ ટકાનો દર થઈ ગયો છે.

### ફાયરીંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમાં જાનકીનગર ટોલે લાલબન્દીના રહેવાસી નાગેશ્વરરાયના ૨૫ વર્ષના દીકરા ડિકેશન કુમારનું મોત થયું. નેપાળ પોલીસના ફાયરિંગમાં બે લોકો ઘાયલ થયા છે. તેમાં બિનોદ રામના દીકરા ઉમેશ રામને હાથમાં ગોળી લાગી છે. આ સિવાય સહોરબા નિવાસી બિંદેશ્વર ઠાકુરના દીકરા ઉદય ઠાકુરને પગમાં ગોળી લાગી છે. બંને ઘાયલોની ગંભીર સ્થિતિને જોતા સારવાર માટે સીતામઢી રેફર કરાયા છે. હાલ બોર્ડર પર બંને દેશની પોલીસ તૈનાત છે. સરહદ પર તણાવની સ્થિતિ દેખાય રહી છે. સ્થળ પર જિલ્લા વહીવટીતંત્રના કેટલાંય ઉચ્ચ અધિકારીઓ જવા માટે રવાના થઈ ગયા છે.

### પ્રતિબદ્ધ છીએ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને અનુસૂચિત જાતિને શિક્ષણ, સરકારી નોકરી, સંસદ અને વિધાનસભામાં જ અનામત આપવામાં આવતી નહોતી, પરંતુ સમાન તકોની બાંયધરી। આ અનામત અથવા જાતિના આધારે ક્વોટા પરંતુ ૧૯૮૯ માં, જ્યારે વી.પી.સિંઘની સરકારે અન્ય પછાત વર્ગો (ઓ.બી.સી.)ને માંડલ કમિશનની ભલામણોના આધારે અનામત આપવાનો નિર્ણય કર્યો ત્યારે આરક્ષણ અંગેની રાજનીતિ તીવ્ર થઈ ગઈ. ઓબીસી એ નીચલી અને મધ્યવર્તી જાતિઓમાંથી આવ્યા હતા, જેને સમાજમાં ઉચ્ચ જાતિનો દરજ્જો ન હોવાને કારણે પછાત માનવામાં આવતા હતા। જેમ જેમ લોકો પહેલાથી જ ઘટતી સરકાર અને યુનિવર્સિટીની નોકરીઓમાં ભાગ લેવાનું કહેવા લાગ્યા, તેમ છતાં, જાતિઓ પોતાને પછાત જાહેર કરવા માટે ઝઝૂમી હતી। ૧૯૮૦ માં, મંડલ કમિશને એક અહેવાલ રજૂ કર્યો અને તત્કાલિન ક્વોટાને ૨૨ ટકાથી વધારીને ૪૯.૫ ટકા કરવાની ભલામણ કરી. ૨૦૦૬ સુધીમાં પછાત જાતિઓની યાદીમાં જાતિઓની સંખ્યા ૨૨૯૭ પર પહોંચી ગઈ. રાજકીય પક્ષો તેમની વોટબેંક વધારવા માટે અનામતની સૂચિમાં વિવિધ જાતિઓને ઉમેરવાની વાત કરે છે પરંતુ તેમાં ઘટાડો કરવા અથવા તેની સમીક્ષા કરવા તરફેણ કરતા નથી। પરિણામ એ છે કે તમિળનાડુ જેવા રાજ્યમાં ગરીબ અને પછાત જાતિઓની સરકારી નોકરીઓ અને શૈક્ષણિક પોસ્ટ્સમાં ૬૯ ટકા અનામત છે.

### ત્રણ લાખને પાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકો સ્વસ્થ થયા છે. દેશમાં હાલમાં ૧,૪૧,૮૪૨ સક્રિય કેસ છે જેમની સારવાર ચાલી રહી છે. આરોગ્ય મંત્રાલયે શુક્રવારે કોરોના અંગેના આંકડા જાહેર કર્યા હતા. જેમાં જણાવ્યાં પ્રમાણે, ગુરુવારે ૧૦,૯૫૬ કેસ સામે આવ્યા હતા. સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં ૩૯૬ લોકોના મોત થયા હતા. આ સાથે જ દેશમાં અત્યાર સુધી ૨ લાખ ૯૭ હજાર ૫૩૫ કેસ સામે આવી ચુક્યા છે. જેમાં ૧ લાખ ૪૧ હજાર ૮૪૨ એક્ટિવ કેસ છે અને ૧ લાખ ૪૭ હજાર ૧૯૫ સાજા થયા છે. સાથે જ અત્યાર સુધી ૮૪૯૮ લોકોના મોત થયા છે. આ પહેલા દિલ્હીના આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને કહ્યું હતું કે, દિલ્હીમાં લોકડાઉન વધારવામાં નહીં આવે. જો કે એક દિવસ પહેલા રાજ્ય સરકારે કહ્યું હતું કે, દિલ્હીમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું છે. ગુરુવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આ વાતે ખોટી ગણાવી હતી.

### ગાઈડલાઈન નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રીયા જ ગોથે ચઢી છે. જેના લીધે અનેક પ્રશ્નો સાથે વાલીઓ અને શાળા સંચાલકોએ એકબીજા સાથે સંઘર્ષમાં ઉતરવુ પડે છે. આ સમસ્યા સાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ સહીત શાળા સંચાલકો પણ સંકળાયેલા છે. ત્યારે સરકારે આ માટે ચોક્કસ લેખિત ગાઈડલાઈન જારી કરી પ્રવેશ પ્રક્રીયાથી માંડી શાળાઓ સહીત વિદ્યાર્થીઓની આગળની શૈક્ષણિક પ્રક્રીયા સરળ બને તેવુ આયોજન કરવુ જોઈએ. નગરની શાળાોમાં ઘણીખરા સંચાલકો સવારથી જ આ મામલે નારાજગી વ્યકત કરી રહ્યા છે. છેલ્લા ઘણાં સમયથી આ મામલે રોજબરોજ શાળા સંચાલકો અને વાલીઓ સામે નતનવા પ્રશ્નો આવી રહ્યા છે. ત્યારે સરકારે આ અંગે લેખિત ગાઈડલાઈન જારી કરવાની અનિવાર્યતા હોવાનો સુર પ્રબળ રીતે ઉઠવા પામ્યો છે.

### બફારાનો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાદળને કારણે સીધો તડકો પડતો ના હોવાથી તાપમાનનો પારો જરૂર નીચે આવ્યો છે પરંતુ બીજી તરફ પવનની ગેરહાજરી તથા જમીન પર વરસાદી પાણી પડવાથી જમીનમાંથી નીકળી રહેલી બાફના કારણે વાતાવરણ બફારા સાથે અસહ્ય ઉકળાટભર્યુ સર્જાયુ હતુ. શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ઉંચુ રહેતા આ ઉકળાટમાં વધારો કરવા જવાબદાર બન્યુ હતુ. સવારથી સતત ઉકળાટના માહોલના કારણે દિવસ દરમ્યાન નાગરિકો ત્રાહિમામ પોકારી ગયાં હતા.

ગાંધીનગર સહિત રાજ્યમાં ચોમાસાનો માહોલ ભલે સર્જાયો છે પરંતુ વિધિવત્ રીતે ચોમાસુ ક્યારે બેસશે તે કહેવુ હજુ મુશ્કેલ છે, જો કે બે દિવસ પહેલા વરસેલો વરસાદ ખેડૂતોમાં સારા ચોમાસાની આશા જગાવી રહ્યો છે અને ખેડૂતોએ વાવણી કરવા અંગે ગંભીરતાથી તૈયારીઓ શરૂ કરી દીધી છે. બીજી તરફ શહેરી વિસ્તારમાં ખાસ કરીને ગીચ રહેણાંક વિસ્તારમાં આ વાતાવરણમાં અનુભવાતા સતત ઉકળાટ અને બફારાથી નાગરિકો ત્રસ્ત થઈ રહ્યાં છે. પવનની ગેરહાજરીના કારણે તેમજ વાદળછાયા વાાવરણથી અનેક નાગરિકોને માથાનો દુઃખાવો, હાથ-પગ-શરીર તુટવા જેવી તકલીફો પણ અનુભવાઈ હતી તથા દમ અને શ્વાસના દર્દીઓ માટે આ સમય ખૂબજ આકરો સાબિત થઈ રહ્યો છે. હજુ પણ આગામી સપ્તાહ સુધી આ માહોલ જળવાઈ રહેશે અને ઉકળાટ-બફારામાં વધારો થશે.

### કકળાટ કથા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોરોનાના કહેરને કેવી રીતે ખાળવો એ યક્ષ પ્રશ્ન છે..! કોને - ક્યારે - કેવી રીતે કોરોના થશે - જશે - વધશે... કાંઈ કરતાં કાંઈ સમજાતુ નથી છતાંય આટલુ વિશ્વાસપૂર્વક એક-એક દિવસ... એક-એક કલાક - એક-એક ક્ષણ જીવનનું યુદ્ધ ખેલવાનુ છે. વ્યક્તિગત જીવનથી લઈ વૈશ્વિક જીવન સુધીનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. આચાર અને વિચાર બદલાઈ રહ્યા છે. ત્યારે દરેકે સતર્ક રહી પ્રાર્થનામય જીવીને પડકારને પોંખવાનો છે.

હા..! પરિસ્થિતિ વિચિત્ર છે... કોઈ કોઈની પડખે ઉભા રહી શકે તેમ નથી..! કોઈ-કોઈને બચાવવા માટે પણ અસમર્થ છે, ત્યારે દરેકે દરેક વ્યક્તિએ વ્યવહાર અને વર્તનમાં સંયમિતતા લાવવી પડશે. સાવચેતીને અગ્રતા આપવી પડશે. ઉત્સાહને નવી દિશા આપવી પડશે. માનવીય મુલ્યોની રખેવાળી કરવી પડશે. એકમેકને પુરક બનવા મર્યાદાઓની વચ્ચે પણ હુંફ આપવી પડશે. ઐતિહાસિક લડત છે, લાંબી લડત છે અને આપણે સૌએ લડતના સેનાની બની લડવૈયાની ભુમિકા અદા કરવાની છે.

### લાલઘુમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એક રુટની બીજી ફ્લાઈટ ટિકિટ માટે તેનો ઉપયોગ કરી શકો છો. આ સાથે શરત પણ રાખવામાં આવી હતી કે રિફંડની રકમ એક વર્ષની અંદર ઉપયોગ કરી લેવી, એટલે કે એક વર્ષની અંદર ટિકિટ ફરજીયાત બુક કરી લેવી. એરલાઈન્સ કંપનીઓના આ નિર્ણય વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. શુક્રવારે સુનવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે વિમાન મંત્રાલય સાથે એરલાઈન્સ કંપનીઓને પણ આ અંગે સવાલ કરતા પૂછ્યુ હતું કે ટિકિટ રિફંડની ક્રેડિટ માટે સમય મર્યાદા કેમ આપવામાં આવી રહી છે. ગ્રાહકોને એક વર્ષને બદલે બે વર્ષનો સમય મળવો જોઈએ તથા એજ રુટ માટે ટિકિટ બુકિંગની શરત પણ કેમ મૂકવામાં આવી હતી.

## બાયડના વરેણા ગામે પરપ્રાંતીય મહિલાએ જીવતર ટુંકાવવા બે-બે વાર આત્મહત્યાનો પ્રયાસ

બાયડ, તા. ૧૨ હાલ સામાન્ય ગૃહ કંકાસમાં આત્મહત્યાનાં બનાવોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે, રંગીન મિજાજી પતિના ત્રાસથી અનેક મહિલાઓએ જીંદગી ટૂંકાવી દીધી હોવાની ઘટનાઓ બનતી રહે છે. બાયડ તાલુકાના વરેણા ગામ નજીક ઈંટો પાડવાના ભઠ્ઠા પર કામ કરતી પરપ્રાંતીય મહિલાના પતિએ બીજી પત્ની લાવવાનું કહેતા મહિલાને લાગી આવતા ભઠ્ઠા પરથી નીકળી ગઈ હતી અને વરેણા ગામ પાસેથી પસાર થતી નદીમાં ઝંપલાવી દેતા નદીમાં પાણી ઓછું હોવાથી બચી ગઈ હતી અને નદીની નજીકમાં આવેલા ખેતરમાં રહેલા ઝાડ પર ગળે ફાંસો ખાવા જતા ખેતરમાં કામ કરતા મજૂરોએ બચાવી લીધી હતી અને ગામના સરપંચને સમગ્ર ઘટના અંગે જાણ કરતાં દોડી આવ્યા હતા. મહિલાની માનસિક સ્થિતિ જોઈ ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કરતા અરવલ્લી ૧૮૧ અભયમ ટીમ ઘટનાસ્થળે પહોંચી મહિલાનું કાઉન્સલીંગ કરતા મહિલા નજીકમાં આવેલા ઈંટવાડા પર પરિવાર સાથે રહેતી હોવાનું જણાવતાં સરપંચ, ૧૮૧ અભયમ ટીમ મહિલાને લઈને ઈંટવાડા પર પહોંચી મહિલાના પતિને કાયદાનું ભાન કરાવતાં પતિએ માફી માંગી લેતા ત્રણ બાળકો માતા વિહોણા અને પરિવારનો માળો વિખેરાતો બચી ગયો હતો. સવારથી ગુમ માતા જોઈ ત્રણ બાળકો માતાને ભેટી પડ્યા હતા.

બાયડના વરેણા ગામ નજીકથી પસાર થતી નદીમાં કુદી પડતા નદીમાં પાણી ન હોવાથી બચી જતા નજીકમાં આવેલ ખેતરમાં રહેલા ઝાડ પર ગળેફાંસો ખાવાનો પ્રયત્ન કરતા ખેતરમાં કામ કરતા લોકોએ બુમાબુમ કરતા દોડી પહોંચી મહિલાને આત્મહત્યા કરતા બચાવી લઈ સરપંચને જાણ કરતા સરપંચ દોડી આવ્યા હતા અને મહિલા સતત મારે મરી જવું છે અને જીવવું નથીનું રટણ કરતી હોવાથી મહિલાની માનસિક સ્થિતિ સારી ન હોવાથી ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કરતા અરવલ્લી ૧૮૧ અભયમ ટીમના કાઉન્સિલર ચેતના ચૌધરી તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી મહિલાને હૂંફ આપતાં મહિલાએ ઈંટવાડા પર રહેતી હોવાનું તથા તેનો પતિ બીજું લગ્ન કરવાનું કહેતો હોવાથી હવે મારે જીવવું નથી જણાવતા ૧૮૧ અભયમ ટીમ સરપંચને લઈને બાજુના ગામમાં આવેલા ઈંટવાડા પર પહોંચી મહિલાના પતિને કાયદાનો ડર બતાવતા અને પતિ સામે લાલ આંખ કરતા પતિ ફફડી ઉઠ્યો હતો અને મારી ભૂલ થઈ ગઈ હોવાનું જણાવી માફી માંગી લેતા મામલો થાળે પડતા પરિવાર તૂટતો બચાવી લીધો હતો.



### ગાબડા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહીત સેકટરોને જોડતા માર્ગો આસપાસ સ્થિત વોક વે પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. વરસાદી દિવસોમાં મોટામસ ગાબડા ધરાવતી ફુટપાથ નાગરિકો માટે જોખમી પુરવાર થઈ રહી છે. કોર્પોરેશન દ્વારા અગાઉ શહેરમાં સ્ટ્રોમ વોટર લાઈનની કામગીરીને અનુલક્ષીને ખોદકામ હાથ ધરાયુ હતુ. જયારે આ ખોદકામ દરમિયાન શહેરની ફુટપાથમાંથી પણ તંત્રએ ટાઈલ્સો ઉખાડીને ખોદકામગીરી કરી હતી. વોક વે નીચેથી સ્ટોર્મ વોટર લાઈનની લાઈન નાંખવા માટે કોર્પોરેશનના તંત્રએ કરોડો રૂપિયાની ફુટપાથને નુકશાન પહોંચાડ્યા બાદ કામગીરીના અંતે તેને યોગ્ય પણ કરી ન હતી. કોર્પોરેશનનુ તંત્ર માળખાગત સુવિધાના કામો હાથ ધરવાની સાથે નાગરિકો માટે નતનવી સમસ્યાઓ પણ ઉભી કરે છે. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી દરમિયાન નગરના માર્ગો વચાળે જ ખાડાઓ ખોદવામાં આવ્યા છે. જયારે માટી પુરાણ પણ યોગ્ય રીતે કરી ગાબડા પુરવામાં આવ્યા નથી જેના લીધે વરસાદી પાણી જમા થતા માટી પોલાણ થતા પ્રથમ વરસાદમાં જ વાહનચાલકો અકસ્માતનો ભોગ બન્યા હતા. જયારે હાલ ફુટપાથની પણ હાલત આવી જ છે. સે-૧૬, સે-૭ સહીતના નગરના કેટલાક વિસ્તારોમાં ફુટપાથ પર ઉખડેલી ટાઈલ્સો વચ્ચે મોટામસ ખાડા જોવા મળી રહ્યા છે. કોર્પોરેશન પોતાના હસ્તકની કામગીરી દરમિયાન આમ નાગરિકોને પડતી દુવિધાઓનો ખ્યાલ રાખવામાં માનતુ નથી આડેધડ ખોદકામગીરીના અંતે પાછળથી નાગરિકોને પડતી હાલાકી અંગેનો પણ ખ્યાલ પણ તંત્રના અધિકારીઓ રાખતા નથી. એટલુ જ નહીં પરંતુ જોખમી સ્થિતિનુ નિર્માણ કરી નિર્દોષ નાગરિકોની માર્ગ સલામતી પણ ખતરામાં મુકે છે.આ ઉપરાંત આડેધડ ખોદકામના લીધે અન્ય યુટીલીટી લાઈન્સ પણ ખોરવાઈ જતા નાગરિકોએ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. માર્ગો આસપાસની ફુટપાથ પર ગાબડા જોવા મળી રહ્યા છે ત્યારે આ ખાડા કોણ પુરશે તે પણ એક સવાલ છે.